# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-01-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

**************************************************

1) સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્ર  પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન નવી દિલ્હી પહોંચ્યા.

2) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળનું ગુજરાત સરકારનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ મિલાન પહોંચ્યું

3) કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડની સ્થાયી સમિતિની 88મી બેઠકની અધ્યક્ષતા કરી.

4) 77મા પ્રજાસત્તાક દિવસની પરેડ જોવા 10 હજાર વિશેષ મહેમાનોને આમંત્રણ.

5) વડોદરામાં રમાતી  WPL ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુંરુ સામે ગુજરાત જાયન્ટસે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# UAE PREZ - INDIA

સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન આજે સાંજે તેમની ભારતની સત્તાવાર મુલાકાત દરમિયાન નવી દિલ્હી પહોંચ્યા છે. યુએઈના રાષ્ટ્રપતિ તરીકે પદભાર સંભાળ્યા પછી આ તેમની ભારતની ત્રીજી સત્તાવાર મુલાકાત છે અને છેલ્લા દાયકામાં ભારતની તેમની પાંચમી મુલાકાત છે. એરપોર્ટ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે બંને નેતાઓ પ્રધાનમંત્રી શ્રી મોદીના નિવાસસ્થાને મળશે.

આ મુલાકાત બંને નેતાઓને ભારત-યુએઈ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ આગળ વધારવા અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરવા તેમજ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી માટે નવી સીમાઓ નક્કી કરવાની તક પૂરી પાડશે તેવી અપેક્ષા છે.

. . . .

# HARSH SANGHAVI WEF

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળનું ગુજરાત સરકારનું ઉચ્ચ સ્તરનું પ્રતિનિધિમંડળ આજે મિલાન પહોંચતાં લોકોએ ભવ્ય સ્વાગત કર્યું . વિમાનમથક પર શ્રી સંઘવીએ લોકો સાથે સંવાદ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે , આ પ્રતિનિધિમંડળ સ્વિત્ઝર્લૅન્ડના દાવોસમાં આજથી 23 જાન્યુઆરી સુધી યોજાનારી વર્લ્ડ ઇકોનોમિક ફૉરમ – WEFમાં ભાગ લેશે . તેમાં ગુજરાત રાજ્ય વિકસિત ગુજરાતની વ્યૂહરચના અને મજબૂત ઔદ્યો ગિક વારસાને રજૂ કરશે. આ વાર્ષિક બેઠકમાં ગુજરાતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે રજૂ કરાશે . તેમજ આ બેઠકમાં રાજ્યની ભાગીદારી રાજ્યના આર્થિક ઉત્થાન માટે નવી ક્ષિતિજ ખોલશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . .

# JAISHANKAR- POLAND SIKORSKI

વિદેશ મંત્રી ડૉ . એસ. જયશંકરે જણાવ્યું હતું કે તેમણે પોલેન્ડના નાયબ પ્રધાન મંત્રી અને વિદેશ મંત્રી રાડોસ્લાવ સિકોર્સ્કી સાથે દ્વિપક્ષીય સંબંધો અને વૈશ્વિક વિકાસ અંગે ચર્ચા કરી હતી . ડૉ. જયશંકરે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે તેઓએ બંને દેશો વચ્ચે આર્થિક , તકનીકી, સંરક્ષણ, ખાણકામ અને બહુપક્ષીય સહયોગ અંગે ચર્ચા કરી હતી . શ્રી જયશંકરે ભારત-EU મજબૂત સંબંધો માટે પોલેન્ડના સમર્થનની પણ પ્રશંસા કરી હતી.

(બાઈટ – S. JAISHANKAR )

. . . . . .

# JAISHANKAR-SPAIN ACCIDENT

વિદેશ મંત્રી ડૉ . એસ. જયશંકરે સ્પેનના કોર્ડોબા શહેર નજીક આદમુઝમાં થયેલા દુ:ખદ ટ્રેન અકસ્માત પર દુઃખ વ્યક્ત કરતાં સોશિયલ મીડિયા સંદેશમાં, તેમણે પોતાના પ્રિયજનો ગુમાવનારા પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે અને અકસ્માતમાં ઘા યલ થયેલા લોકો ઝડપથી સ્વસ્થ થાય તેવી કામના કરી છે.

. . . . . . . . .

# FUR REV. BJP-PRESIDENT ELECTION

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ પદની ચૂંટણી માટે ભાજપના કાર્યકારી અધ્યક્ષ નીતિન નબીન એ પોતાનું નામાંકન દાખલ કર્યું છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા , કેન્દ્રીય મંત્રી અમિત શાહ , રાજનાથ સિંહ, નીતિન ગડકરી અને ભાજપના સંસદીય પક્ષ બોર્ડના અન્ય સભ્યોએ રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે નીતિન નબિન ના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી પાર્ટીની રાષ્ટ્રીય પરિષદ અને રાજ્ય પરિષદના પ્રતિનિધિઓ ધરાવતી ચૂંટણી મંડળ દ્વારા કરવામાં આવે છે. હાલમાં, આ પદ કેન્દ્રીય મંત્રી જગત પ્રકાશ નડ્ડા પાસે છે.

. . . . . . . . . . . . .

# BHUPENDER YADAV-MEETING

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડની સ્થાયી સમિતિની ૪૪મી બેઠકની અધ્યક્ષતા કરી. સ્થાયી સમિતિએ સંરક્ષિત વિસ્તારો , વન્યજીવન અભયારણ્યો, વાઘ અનામત અને ઇકો-સેન્સિટિવ ઝોનમાં જાહેર ઉપયોગિતા સેવાઓ , સંરક્ષણ જરૂરિયાતો અને માળખાકીય વિકાસ સંબંધિત 70 દરખાસ્તો પર વિચારણા કરી.

સ્થાયી સમિતિએ સરહદી અને ઉચ્ચ-ઊંચાઈવાળા વિસ્તારોમાં વ્યૂહાત્મક માળખાગત સુવિધાઓ સંબંધિત 17 સંરક્ષણ સંબંધિત દરખાસ્તો પર પણ વિચારણા કરી.

. . . . . . . . . . . . .

# REPUBLIC DAY-SPECIAL GUESTS

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું છે કે આ વર્ષે નવી દિલ્હીના કર્તવ્ય પથ ખાતે 77મા પ્રજાસત્તાક દિવસની પરેડ જોવા માટે લગભગ 10 હજાર ખાસ મહેમાનોને આમંત્રિત કરવામાં આવ્યા છે. મહેમાનોમાં આવક અને રોજગાર સર્જનમાં અનુકરણીય કાર્ય કરનારા , શ્રેષ્ઠ સંશોધકો , સ્ટાર્ટ-અપ્સ, સ્વ-સહાય જૂથો અને વિવિધ સરકારી પહેલ હેઠળ શ્રેષ્ઠ પ્રદર્શન કરનારાઓનો સમાવેશ થાય છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે મહેમાનોને રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાનને સન્માનિત કરવા અને રાષ્ટ્રીય મહત્વના કાર્યક્રમોમાં જનભાગીદારી વધારવાના ઉદ્દેશ્યથી આમંત્રિત કરવામાં આવ્યા છે.

. . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . .

# GUJ-CAMPAIGN

"આપકી પુંજી   આપકા અધિકાર" નામના રાષ્ટ્રવ્યાપી નાણાકીય જાગૃતિ અભિયાન હેઠળ, ગુજરાતમાં ૧૦૪ કરોડ રૂપિયાથી વધુ મૂળ ખાતાધારકોને પરત કરવામાં આવ્યા છે. ગયા મહિનાના અંત સુધીમાં    , રાજ્યમાં કુલ ૨૬ ,૮૭૪ દાવાઓનું સફળતાપૂર્વક સમાધાન કરવામાં આવ્યું હતું    , જેનાથી સામાન્ય પરિવારોની મહેનતથી કમાયેલી બચત તેમના હકદાર માલિકો સુધી પહોંચી શકી.

ગુજરાતમાં, જાહેર ક્ષેત્રની બેંકો આશરે ૨ ,૮૩૬ કરોડ રૂપિયાના બિનદાવા કરાયેલા ભંડોળ ધરાવે છે, જ્યારે વીમા કંપનીઓ આશરે ૨૩૫ કરોડ રૂપિયા ધરાવે છે. ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલેલા આ ખાસ અભિયાનમાં નાગરિકોને તેમની નિષ્ક્રિય નાણાકીય સંપત્તિઓ ઓળખવામાં અને તેનો દાવો કરવામાં મદદ કરવા માટે ડિજિટલ પ્રદર્શનો અને હેલ્પ ડેસ્કનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

. . . . .

# GUJ-ATHAWALE

સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રી રામદાસ આઠવલેએ કહ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત હવે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યું છે. અમદાવાદમાં જિલ્લા અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકને સંબોધતા શ્રી આઠવલેએ વિવિધ કેન્દ્રીય કલ્યાણકારી યોજનાઓની પ્રગતિનો તાગ મેળવ્યો.

શ્રી આઠવલેએ ભાર મૂક્યો કે મેક ઇન ઇન્ડિયા અભિયાને ઉત્પાદન ક્ષેત્રમાં ક્રાંતિ લાવી છે, જેનાથી ગુજરાત અને સમગ્ર દેશમાં રોજગારની વિશાળ નવી તકો ઉભી થઈ છે.

. . .

# NCC - NAVAL STAFF

નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીએ આજે નવી દિલ્હીમાં નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) ના પ્રજાસત્તાક દિવસ શિબિરની મુલાકાત લીધી. NCC કેડેટ્સને સંબોધતા, એડમિરલ ત્રિપાઠીએ જણાવ્યું કે

(બાઈટ - દિનેશ કે. ત્રિપાઠી )

તેમણે જણાવ્યું કે NCC દ્વારા સ્થાપિત મૂલ્યો જીવનભર રહે છે અને જવાબદાર નેતાઓનું નિર્માણ કરે છે જે સ્પષ્ટ રીતે વિચારી શકે છે અને અખંડિતતા જાળવી શકે છે.

. . . . . . . .

# WPL – CRICKET

વિમેન્સ પ્રીમિયર લીગ, WPL ક્રિકેટમાં, આજે ગુજરાત જાયન્ટ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે વડોદરાના BCA સ્ટેડિયમમાં મેચ રમાઈ રહી છે . જેમાં – એશ્લે ગાર્ડનરના આગેવાની હેઠળની ગુજરાત જાયન્ટ્સે ટોસ જીતી બોલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ, સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળની રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ 5 ઓવરમાં 2 વિકેટ 32 રન કર્યાં છે.

. . . . . . . .

# REV. IMF- INDIA GROWTH

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) એ 2025 માટે ભારતના આર્થિક વિકાસનો અંદાજ 0.7 ટકા વધારીને 7.3 ટકા કર્યો છે. IMF એ જણાવ્યું હતું કે, વિશ્વ આર્થિક આઉટલુક અપડેટમાં , આ નાણાકીય વર્ષના ચોથા ક્વાર્ટરમાં આ વૃદ્ધિ મજબૂત ગતિ દર્શાવે છે.

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) એ નાણાકીય વર્ષ 2026-27 માટે ભારતનો આર્થિક વિકાસ દર 6.4 ટકા રહેવાનો અંદાજ લગાવ્યો છે . IMF એ જણાવ્યું હતું કે અપેક્ષિત મંદી છતાં , ભારત ઉભરતા બજારો અને વિકાસશી લ અર્થતંત્રોમાં વૃદ્ધિનો મુખ્ય ચાલક છે.

ખાદ્યપદાર્થોના ભાવમાં નરમાઈને કારણે 2025 માં નોંધપાત્ર ઘટાડા પછી ભારતમાં ફુગાવો લક્ષ્ય સ્તરની નજીક પાછો ફરવાની અપેક્ષા છે , જે સ્થાનિક માંગને વધારાનો ટેકો પૂરો પાડશે.

જોકે, IMF એ ચેતવણી આપી હતી કે AI-સંચાલિત ઉત્પાદકતામાં વધારો રોકાણમાં ઘટાડો અને વૈશ્વિક નાણાકીય પરિસ્થિતિઓમાં કડકતા તરફ દોરી શકે છે , જેનાથી ઉભરતા અર્થતંત્રો પર અસર પડી શકે છે.

. . . . . . . . . . . . .

# MSME LOAN APPLICATION

સરકારે માહિતી આપી છે કે જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા ૫૨ ,૩૦૦ કરોડ રૂપિયાથી વધુ મૂલ્યની ત્રણ લાખથી વધુ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) લોન અરજીઓને મંજૂરી આપવામાં આવી છે. નાણા મંત્રાલયે માહિતી આપી હતી કે આ લોન અરજીઓને ગયા વર્ષે એપ્રિલથી ડિસેમ્બર દરમિયાન મંજૂરી આપવામાં આવી હતી.

જાહેર ક્ષેત્રની બેંકોએ ગયા વર્ષે MSME માટે ડિજિટલ ફૂટપ્રિન્ટ-આધારિત ક્રેડિટ એસેસમેન્ટ મોડેલ શરૂ કર્યું હતું. મંત્રાલયે જણાવ્યું હતું કે આ ક્રેડિટ એસેસમેન્ટ મોડેલ ઇકોસિસ્ટમમાં ઉપલબ્ધ ડિજિટલી મેળવેલા અને ચકાસાયેલ ડેટાનો ઉપયોગ કરે છે અને MSME લોન એસેસમેન્ટ માટે સ્વચાલિત પ્રક્રિયાઓ બનાવે છે.

. . . . . . . . .

# CBI - KARUR STAMPEDE

તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે) ના વડા અને અભિનેતા વિજય આજે કરુર ભાગદોડ દુર્ઘટનાની તપાસના સંદર્ભમાં નવી દિલ્હી સ્થિત સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) ના મુખ્યાલયમાં હાજર થયા હતા . ગયા અઠવાડિયે, તેઓ આ જ કેસમાં સીબીઆઈ સમક્ષ પણ હાજર થયા હતા. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ટીવીકે દ્વારા અભિનેતામાંથી રાજકારણી બનેલા અને પાર્ટીના સ્થાપક વિજયના સ્વાગત માટે આયોજિત એક વિશાળ મેળાવડા દરમિયાન . ભાગદોડને કારણે 41 લોકોએ જીવ ગુમાવ્યા હતા.

. . . . . . . .

# BRITISH PM-TRUMP

બ્રિટિશ પ્રધાનમંત્રી   કીર સ્ટાર્મરે આજે જણાવ્યું હતું કે ગ્રીનલેન્ડ પર સાથી દેશો સામે ટેરિફ લાદવાની અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ધમકી સંપૂર્ણપણે ખોટી છે અને વેપાર યુદ્ધ કોઈના હિતમાં નથી.

લંડનમાં એક પત્રકાર પરિષદમાં બોલતા શ્રી સ્ટાર્મરે કહ્યું કે  , બ્રિટન આર્કિટક ટાપુનું ભવિષ્ય નક્કી કરવાના ગ્રીનલેન્ડ અને ડેનમાર્કના મૂળભૂત અધિકારને સમર્થન આપે છે. તેમણે કહ્યું કે, બ્રિટન યુરોપ, નાટો અને યુનાઇટેડ સ્ટેટ્સમાં સાથી દેશો સાથે કામ કરશે અને વાતચીત ખુલ્લી રાખશે.

. . . . . . . .